ગાંધીનગર સમાચાર

શહેરમાં સાઈકલ શેરીંગને પ્રોત્સાહક પ્રતિસાદ

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની નવરચિત કાર્યવાહક સમિતિ દ્વારા ગુરૂવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે બેઠક યોજાશે.

● શકિત મંડળ દ્વારા ગુરૂવારના રોજ સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન અંબાજી મંદિર, સે-૧૪ ખાતે નિમિષાબેન પંડયાના કંઠે આનંદનો ગરબો ગવાશે.

● સે-૬-બી મીરાં ભજન મંડળના ઈન્દુબેન નિમાવતના કંઠે ગુરુવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન રાધાબેન મરાઠીના નિવાસસ્થાન રાયસણ, બી-૪ શુભ આવાસ યોજના ખાતે ભજન અને આનંદનો ગરબો યોજાશે.

● સિવિલ હોસ્પિટલ ખાતે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન ડાયાબીટીસ અંતર્ગત કવીઝ સ્પર્ધા યોજાશે.

● પેથાપુર માં અંબા મંડળ દ્વારા બપોરે ૨.૩૦ કલાકે સે-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજના પાછળ ગીતાબેન ઝાલાના નિવાસસ્થાને આનંદનો ગરબો યોજાશે.

# ચેરિટી માટે શહેરના યુવાનોનું ‘ફુડીઝ અનસ્ટોપેબલ’

**યુવા અનસ્ટોપેબલ ગૃપના ૨૦ જેટલા યુવાનોએ ઈન્ફોસીટી વિસ્તારમાં ફુડ સ્ટોલ કર્યો : યુવાનોએ ફાસ્ટફુડની વિવિધ વાનગીઓ બનાવી વેચાણ કર્યુ : વાનગીઓના વેચાણની આવક ગરીબ વિદ્યાર્થીઓ તથા વૃધ્ધાશ્રમના વડીલો માટે વપરાશે**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ધીમે ધીમે સરકારી નગરીમાંથી ‘સંસ્કારી નગરી’ બનવા તરફ ગતિ કરી રહ્યું છે. નગરના યુવાનો વિવિધ સેવાકીય પ્રવૃત્તિ દ્વારા પોતાની સામાજિક જવાબદારી પ્રત્યેની સભાનતાની વારંવાર પ્રતિતિ કરાવી રહ્યાં છે. તાજેતરમાં જ સ્કાય ગૃપ, પ્રયાસ ગૃપ, સદભાવના ગૃપ જેવા યુવાનોના સંગઠનોએ વિવિધ રચનાત્મક અને સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરી યુવાઓ માત્ર હરવું-ફરવુ અને મોબાઈલ પર મનોરંજન કરવામાં જ રસ દાખવે છે તે માન્યતા ખોટી પાડી છે. હવે ‘યુવા અનસ્ટોપેબલ’ નામના યુવાનોના વધુ એક સંગઠને આજે ઈન્ફોસીટી વિસ્તારમાં ‘ફુડીઝ અનસ્ટોપેબલ’ કાર્યક્રમ દ્વારા તેમની સેવા વૃત્તિનો પરિચય કરાવ્યો છે.

‘યુવા અનસ્ટોપેબલ’ ગૃપ દ્વારા ઈન્ફોસીટી વિસ્તારમાં નિફટ કોલેજ અને ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટના વચ્ચેના ભાગે સામેની તરફ ‘ફુડીઝ અનસ્ટોપેબલ’ કાર્યક્રમ હાથ ધર્યો હતો. આશરે સાંજના સાત વાગ્યાના સુમારે હાથ ધરાયેલ આ કાર્યક્રમમાં યુવા અનસ્ટોપેબલ ગૃપના ૨૦ યુવાનોએ ચેરિટી માટે રસોઈની વિવિધ વાનગીઓ બનાવી તેનું વેચાણ કર્યું હતું. આ વાનગીઓમાં તેમણે વિવિધ ફાસ્ટ ફુડની આઈટમો જેવી કે બાસ્કેટ ચાટ, ચીઝ બોલ, સ્ટફ પરોઠા, કોકોનટ લડુ, કચોરી, સ્લાઈસ તથા બટરમિલ્ક વગેરે જાતે બનાવી તેનું વેચાણ કર્યું હતું. આ વાનગીના વેચાણથી થયેલ આવકને યુવાનો ગાંધીનગરની ઝુંપડપટ્ટી વિસ્તારની સરકારી શાળાના ગરીબ બાળકો, વૃધ્ધાશ્રમો તથા સે-૧૯ના સ્પેશિયલ ચાઈલ્ડ હોમના બાળકો માટે દાનમાં આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે યુવા અનસ્ટોપેબલ ગૃપ અમદાવાદના નેજા હેઠળ ગાંધીનગરમાં ચલાવાતા એકમમાં કુલ ૨૦ સ્વયંસેવકો કાર્યરત છે. આ યુવાનો નિયમિત પણે સેકટર-૧૯ના સ્પેશિયલ ચાઈલ્ડ હોમના બાળકોને ડાન્સીંગ, પેઈન્ટિંગ, સિગીંગ તથા ગીટાર, હાર્મોનિયમ, તબલા જેવા વાદ્યોની તાલીમ આપી રહ્યા છે.

આજના ફુડીઝ અનસ્ટોપેબલ કાર્યક્રમ થકી થનાર આવકથી તેઓ આ પ્રવૃત્તિને વધુ ઉત્તેજન આપવા સાથે સરકારી પ્રાથમિક શાળાઓના શ્રમજીવી પરીવારના બાળકોને તથા વૃધ્ધાશ્રમના અશકત વડીલોને મદદરૂપ થવા પ્રયાસ હાથ ધરનાર છે.




## વાતવાતમાં

●શહેરમાં હાલ પાણી-ગટર વેરાની વસુલાતની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. જો કે અનેક વસાહતીઓ વેરાના માંગણા બિલો ખૂબ જ લેટ મળવાથી વળતર યોજનાનો લાભ મેળવી શકયા નથી તેના અફસોસ સાથે રોષની લાગણી વ્યકત કરી રહ્યાં છે.

● પાટનગર યોજના ભવનમાં પહેલા માળનો પેસેજ જાણે સ્મોકિંગ ઝોન બની ગયો છે. પાણી-ગટર વેરો ભરવા આવતા વસાહતી તથા અન્ય મુલાકાતીઓ દ્વારા આ પેસેજ સ્મોકિંગ કરવા માટે પસંદ કરાતો હોઈ અહીં ધુમાડાભર્યું વાતાવરણ સર્જાય છે જે અન્ય બિનવ્યસની નાગરિકો માટે ત્રાસ ઉપજાવનારું બને છે.

●ગાંધીનગર મનપાના પાયા હલી ગયા : મનપા તથા કોર્પોરેટર્સ દ્વારા શહેરમાં ઠેર ઠેર મુકવામાં આવેલ મોટા ભાગના બાંકડા એટલા હલી ગયા છે કે તેના પર આરામથી બેસવું સલાહભર્યું જણાતું નથી.

●બે દિવસ પહેલા જ શહેરના ચ-૨ સર્કલ નજીક શેરડીના કોલા પાસે નજીવી બાબતમાં એક યુવાનના ગળા પર છરી ફેરવી હત્યાનો પ્રયાસ કરાયો હતો. આ કેસમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓનું પક્ષી બચાઓ અભિયાન

ગાંધીનગર, તા.૬

ઉનાળાના સમયમાં એવું ઘણી વાર જોવા મળે છે કે પીવાના પાણીની અછતના લીધે ઘણા પક્ષીઓ તરસના કારણે મૃત્યુ પામે છે. આ ગંભીરતાને ધ્યાનમાં રાખીને વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ‘આ ઉનાળો પક્ષીઓ માટે’ નામક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવૃત્તિમાં આશરે ૪૦ પાણી ભરેલા કુંડાઓને કોલેજના કેમ્પસમાં અલગ અલગ જગ્યાએ ઝાડ ઉપર લટકાનવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિનો શુભારંભ માનનીય પ્રિન્સિપાલ ડૉ. રાજુલ કે.ગજ્જર, ઈસરો અમદાવાદના વૈજ્ઞાનિક ડો.એન.એમ. દેસાઈ, રાજસ્થાનથી પધારેલા ડૉ. પી.એન. શેઠ, ડૉ. આર.એ. ઠકકર તથા એનએસએસ કો ઓર્ડિનેટર પ્રો. અલ્પેશ ડાફડાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.



ડૉ. રાજુલ ગજ્જરે આ પ્રવૃત્તિ માટે કહ્યું કે એનએસએસ દ્વારા આ પ્રવૃત્તિ પક્ષીઓને પાણીની અછતના કારણે થતા મૃત્યુથી બચાવવા માટે કરી છે કારણ કે વિશ્વકર્મા કોલેજના હરિયાળા પ્રાંગણમાં ઘણા બધા પક્ષીઓ પોતાનો માળો બાંધીને રહે છે. અમને આ પ્રવૃત્તિ શરૂ કર્યા બદલ ઘણો આનંદ છે અને અમે અપેક્ષા રાખીએ છે કે આવનારા વર્ષોમાં પણ આવી પ્રવત્તિઓ એનએસએસ દ્વારા ચાલતી રહેશે.

પ્રોફેસર અલ્પેશ ડાફરાએ કહ્યું કે એનએસએસના સ્વયંસેવકો આવી અવનવી સામાજિક પ્રવૃત્તિઓ કરીને સમાજ અને કુદરત પ્રત્યે પોતાનો પ્રેમ અને જવાબદારી દર્શાવે છે અને સમાજના વિદ્યાર્થીઓને ભલામણ કરી કે તેઓ પણ પોતાની નજીકમાં આવી પ્રવૃતિઓ કરીને સમાજ પ્રત્યે પોતાની ફરજ દર્શાવે. આ કાર્યક્રમમાં એનએસએસના ૧૫૦ સ્વયંસેવકોએ પણ ભાગ લીધો છે અને વિદ્યાર્થી સ્વયંસેવકોએ વારાફરતી આ કુંડાઓને રોજ સાફ કરી અને પાણી ભરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ સાથે આવા જ શુભ કાર્યોને ભવિષ્યમાં મોટેરાના વિસ્તારોમાં આગળ વધારવાની પ્રેરણા લીધી હતી.

# વિશ્વ આરોગ્ય દિન નિમિતે સિવિલમાં કવીઝ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૬

વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી પ્રસંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ડબલ્યુ એચઓની થીમ આધારીત ડાયાબિટીસ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિવિધ ટીમો બનાવીને ભાગ લેશે.

ડાયાબિટીસના દર્દીઓ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં પણ ડાયાબિટીસના દર્દીઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. બદલાતી જીવનશૈલી આ માટે કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એમસીડી વિભાગ દ્વારા વિશ્વ આરોગ્ય દિવસ નિમિતે સિવિલના ૪થા માળે આવેલા હોલમાં ડાયાબિટીસ કવીઝ સ્પર્ધાનું આયોજન બપોર ૩ થી ૫ દરમ્યાન કરવામાં આવ્યું છે. જેમાં સિવિલના સતાધિશો અને ડોકટર્સ હાજર રહેશે. મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિવિધ ટીમો દ્વારા આ કવીઝ સ્પર્ધામાં જોડાશે.

## પેથાપુરમાં ૮મી એપ્રિલથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના પેથાપુર ગામ સ્થિત શ્રી અંબાજી માતાના મંદિરના ચોકમાં તા. ૮મી એપ્રિલથી ૧૬મી એપ્રિલ દરમિયાન રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યુ છે. ચૈત્રી નવરાત્રીના પ્રારંભે પેથાપુરના અંબાજી માતાના ચોક ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં રાસ ગરબાના કલાકારો દ્વારા રજૂઆત કરવામાં આવશે. આ રાસ ગરબાનો લાભ લેવા અંબાજી માતાજીના પૂજારી જગદીશભાઈ ભટ્ટે જણાવ્યું છે. આ પ્રસંગે ગામના અગ્રણી કાર્યકર નટુભાઈ દરજી તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# ચોરીની રિક્ષા સાથે એલસીબીની ટીમે બેને ઝડપી પાડયા

**સેકટર-૧૨માંથી ચોરીના બાઈક સાથે એકને પકડયો**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે ચોરીની રીક્ષા સાથે બે શખ્સોને કોબા રોડ પર સ્થિત રાજધાની હોટલ સામેથી રિક્ષાને ધક્કા મારતા પકડી પાડયા હતા. નરોડાના સંજય દિપક મોદી અને વિશાલ ખોડા ઠાકોર બંનેની ધરપકડ કરી પુછપરછ કરતાં ત્રણેક દિવસ પહેલા સરદારનગર પાસેથી રિક્ષા ચોરી કરી હોવાનું ખુલ્યું હતું. તો બીજી તરફ સે-૧૨ બલરામ મંદિર નજીકથી ધર્મેશચંદ્ર કિશોરચંદ્ર મહેતા રહે. સે-૨-સી પ્લોટ નં. ૧૫૨૦/૧ને ચોરીના બાઈક અને ખોટી આર.સી. બુક સાથે પકડી પાડી એલસીબીની ટીમે બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો છે.



## આજે ડૉ. આંબેડકરના ગ્રંથ વિષયે વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૬

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરના ગ્રંથ ‘અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા : રાજકીય’ પર જાણીતા ચિંતક, મીડીયા પર્સન શ્રી ભરતભાઈ દેવમણીનું વકતવ્ય ગુરૂવારે ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સાંજના ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યું છે. સંસ્થાના સાહિલ પરમાર દ્વારા નાગરિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બીબીએ કોલેજના ફાઇનલના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન નાં વિદ્યાર્થીઓ કૉલેજમાં ત્રણ વર્ષ સુધી નો અભ્યાસક્રમ પૂર્ણ કરી સ્નાતકની પદવી મેળવનાર વિદ્યાર્થીઓને કૉલેજે આજે તેમની ઉજ્જવળ કારકિર્દી માટે વિદાય આપી રહી હતી. ત્રણ વર્ષ દરમ્યાન કૉલેજ માં રહી અનેક બાબતો અભ્યાસક્રમ ની સાથે સાથે તેમજ અન્ય પ્રવૃતિઓ થકી વિદ્યાર્થીઓ શીખ્યા જે શિક્ષા ને હવે તેઓ એ સમાજ જીવન માં તેમજ પ્રોફેશનલ કારકિર્દીમાં અમલીકરણ કરવાનું છે

અત્રે બીબીએ નો અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે અનુસ્નાતક કોર્સ ની પસંદગી કરશે જ્યારે કેટલાક પોતાના વ્યવસાય કે નોકરી ની શરૂઆત પણ કરશે કૉલેજ આ તમામ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવે છે. તેમજ તેમનામાં રહેલી આવડતનો યોગ્ય ઉપયોગ કરી સમાજ ઉપયોગી જીવન જીવવા ની શિખ આપી હતી. તેમજ આજનો સમગ્ર કાર્યક્રમ દ્વીતીય તેમજ પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત થયો હતો. જે તેઓની સંચાલન શકિત નું સુંદર ઉદાહરણ પૂરુ પાડે છે. વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓએ પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યુ હતું કે કૉલેજનાં શૈક્ષણીક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓને હંમેશા માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે. તેઓ આજે જે કાંઈ મેળવી શક્યા છે. તેમાં કૉલેજ નો અમૂલ્ય ફાળો છે. જેને હંમેશા વિદ્યાર્થીઓ યાદ રાખશે. કૉલેજનાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટી દ્વારા વિદ્યાર્થીઓને આગામી પડકારો માટે તૈયાર રહેવા નું જણાવ્યુ હતુ. તેમજ તેમની પાસે કારકિર્દી માટેની અનેક તકો ઉપલબ્ધ છે જેનો ઉપયોગ કરવા જણાવ્યુ હતુ. તેમજ સિનિયર અધ્યાપક ડૉ. જયેશ તન્ના સહિત તમામ શૈક્ષણીક તેમજ બિન શૈક્ષણીક સ્ટાફ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટી નાં માર્ગદર્શન હેઠળ ડૉ. નીરવ જોશી તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યુ હતુ.





# પેથાપુરમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી

**બે ભઠ્ઠીઓ પરથી ૨૫ લીટર દેશી દારૂ સાથે બેની ધરપકડ**

ગાંધીનગર, તા.૬

પેથાપુર પોલીસે ગઈ મોડી સાંજે પેથાપુરમાં બે દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડા પાડી ૨૫ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. દારૂનો જથ્થો જપ્ત કરીને પોલીસે જશુ રામા ઠોકર અને સતીષ મનુ ઠાકોર બંને બુટલેગરોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




ગાંધીનગરના એરફોર્સ દ્વારા વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે ડાયાબીટીશ જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. સે-૯થી નીકળેલ આ રેલીમાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ એરફોર્સના અધિકારીઓ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને મહારોગ ડાયાબીટીશ અંગે જાગૃતિ ફેલાવતી પત્રિકાઓનું વિતરણ કર્યું હતું.

## અતિથિ ગૃહોની માહિતી પુસ્તિકા તૈયાર થશે

સમસ્ત ભારત ગુજરાતી સેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાતી સમાજો, અતિથિ ગૃહોની માહિતી પુસ્તિકા અંગ્રેજી અને ગુજરાતીમાં તૈયાર કરવામાં આવી રહી છે. ટ્રસ્ટપત્ર દ્વારા સહુ સમાજો-અતિથિ ગૃહોને તેમની પ્રસિધ્ધ થનાર માહિતી મેકલી છે અને તે માહિતી બરબર છે તે ચકાસી, જરૂરી હોય ત્યાં સુધારા કરી ટ્રસ્ટને પરત કરવા જણાવ્યું છે. જે માટે જરૂરી રિટર્ન-કવર પણ મોકલાવેલ છે. પરત કરવાની અંતિમ તા. ૩૦ એપ્રિલ રહેશે. ભારત ભરના અન્ય સમાજો, અતિથિગૃહોને પ્રસિધ્ધ થનાર તેમની માહિતી અમારા તરફથી ન મળેલ હોય તો તેઓને જરૂરી માહિતી જેવી કે નામ, સરનામુ, ફોન, મો.નં. ઈમેલ આઈ.ડી. સહિતની તમામ વિગતો સમસ્ત ભારત ગુજરાતી સેવા ટ્રસ્ટ, બોકસ નં. ૧૧૬૪ કોઈમ્બતુર ૬૪૧૦૦૨ ઉપર તા. ૩૦ એપ્રિલ સુધીમાં પહોંચાડવા અનુરોધ કર્યો છે. આ માહિતી પુસ્તિકાની એક નકલ દરેક સમાજ, અતિથિ ગૃહોને નિઃશુલ્કપણે મોકલવામાં આવશે.

# શહેરમાં સાઈકલ શેરીંગને પ્રોત્સાહક પ્રતિસાદ

**કાઉન્ટર ખુલતા જ તમામ સાઈકલોની થઈ જતી ફાળવણી, સાઈકલને શહેરમાં કોઈ પણ કાઉન્ટર ઉપર જમા કરાવવાની સુવિધાની સૌથી વધુ સરાહના**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં શરૂ થયેલી સાઈકલ શેરીંગ યોજનાને લોકોમાંથી જબરદસ્ત પ્રતિસાદ સાંપડી રહ્યો છે. શહેરના માર્ગો ઉપર આ સાઈકલ સૌથી વધુ દશ્યમાન થઈ રહી છે. શહેરના લગભગ તમામ વિસ્તારને આવરી લઈ શરૂ કરાયેલા કાઉન્ટર ઉપર સવારથી જ લાઈનો લાગી જાય છે અને ઘડીકવારમાં જ તમામ સાઈકલોની ફાળવણી થઈ જતી હોય છે. વિદ્યાર્થીઓ, સ્થાનિક રહીશો અને પંથકમાંથી આવતા લોકો રીક્ષાના બદલે હવે સાઈકલનો ઉપયોગ કરતા થઈ ગયા છે. જેમાં એક સ્થળેથી લીધેલી સાઈકલ નગરના કોઈ પણ કાઉન્ટર ઉપર જમા કરવાની સુવિધાને લોકો શ્રેષ્ઠ માની સરાહના કરી રહ્યા છે.



હરીયાળા અને સ્વચ્છ ગાંધીનગરની નામના ધરાવતા પાટનગરની શાખમાં વધુ એક પીંછુ ઉમેરાયું છે. વિશ્વભરમાં પ્રદુષણ નિયંત્રણ કરવા માટે વિવિધ પ્રકારના પગલા લેવાઈ રહ્યા છે. જેમાં ગુજરાતના પાટનગરે કરેલી પ્રદુષણ નિયંત્રણ બાબતની પહેલને ચોતરફથી આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. શહેરમાં ગુડા દ્વારા શરૂ કરાયેલા આ સાઈકલ શેરીંગ પ્રોજેકટમાં શહેરીજનો સહિત નગરમાં આવતા લોકોએ પણ ભાગ લઈ યોજનાને હરખભેર વધાવી લીધી છે.

ગાંધીનગરના શહેરના દરેક વિસ્તારને આવરી લઈ શરૂ કરાયેલી આ યોજનાના કાઉન્ટર સવારથી જ ખાલીખમ થઈ જાય છે. વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ, રહીશો અને નગરમાં કામકાજ અર્થે આવતા લોકો સાઈકલનો ઉપયોગ કરી કામગીરી પૂર્ણ કરી નજીકના કાઉન્ટર ઉપર સાઈકલ જમા કરાવી સંતોષ વ્યકત કરી રહ્યા છે. વધુમાં પથિકા એસ.ડી.ડેપોએ બસમાંથી ઉતરી સાઈકલ મેળવીને પોતાની કામગીરી કર્યાનો અને અન્ય વાહનની રાહ જોયા વગર સમયસર કામ પૂર્ણ થયાનો અહેસાસ લોકોમાં દેખાઈ રહ્યો છે. વધુમાં એક સ્થળેથી લીધેલી સાઈકલ નગરના કોઈ પણ સ્થળે જમા કરાવવાની સુવિધા માટે તંત્રની લોકો સરાહના કરી રહ્યા છે. સાઈકલ ફાળવણીના નિતી નિયમોનો ચુસ્તપણે પાલન થઈ રહ્યો છે અને શહેરીજનો પણ તેમાં પુર્ણ સહકાર આપી રહ્યા છે. જો કે સાઈકલનો વપરાશ વધતો જતો હોઈ વધુ સાઈકલોની જરૂરિયાત હોવાનું પણ લાગી રહ્યું છે. એકંદરે ગાંધીનગર શહેરમાં સાઈકલ શેરીંગને બહોળો પ્રતિસાદ સાંપડતા યોજનાની સફળતાને ચાર ચાંદ લાગી ગયા છે.

# આર્ષ દ્વારા હૃદય રોગના નિવારણ માટે તજજ્ઞનું વકતવ્ય

ગાંધીનગર, તા.૬

‘આર્ષ’ શોધ સંસ્થાન દ્વારા આગામી તા. ૯ એપ્રિલને શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન કૉરનરિ હાર્ટ ડિસીઝના ભયસ્થાનો અને તેના નિવારણના ઉપાયો વિષય પરનું ૭૫માં પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. આવા ગંભીર રોગ થવાના કારણો અને તેના નિવારણ માટે શું કરવું જોઈએ તે માટે આર્ષ પ્રવચનમાળાનું ૭૫મું વ્યાખ્યાન યોજાશે. આ ૭૫માં અમૃત પ્રવચનના વિષય પર એપોલો હોસ્પિટલના સિનિયર કાર્ડીઓવેસ્કયુલર સર્જન ડૉ.પરાગભાઈ શેઠ દ્વારા અક્ષરધામ હરિમંદિરના સભાગૃહમાં પ્રવચન અપાશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંતભાઈ જહા, બીએપીએસ સંસ્થાના સદગુરુ પૂ ઈશ્વરચરણદાસ સ્વામી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો લાભ લેવા નાગરિકોને હાજર રહેવા કચેરી અધિક્ષક લાલભાઈ પટેલે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. શોભનાબેન દિનેશભાઈશાહ, ઉ.વ. ૬૨
- સ્વ. સુધાબેન અશોકભાઈ વાળંદ, ઉ.વ. ૪૨
- સ્વ. યદવિન્દર પ્રિતકૌર, ઉ.વ. ૫૩